# પ્રેસનોટ

# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુ-બાજુ વિસ્તારમાં BRTS અને સીટી બસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. ભારતના સૌથી લાંબા ૧૦૮ કિમીના ડેડીકેટેડ BRTS કોરીડોર મારફત વિવિધ ૧૩ રૂટ પર ૩૬૭ BRTS બસ કાર્યરત છે તથા વિવિધ ૪૫ સીટી બસ રૂટ પર ૩૭૮ બસનું સંચાલન કરવામાં આવે છે અને હાલમાં કુલ-૪૫૨ કિમીના રૂટ ઉપર સીટી બસ સેવા કાર્યરત છે. દૈનિક ધોરણે આશરે ૨ લાખથી વધુ મુસાફરો ધ્વારા સદર સેવાનો લાભ લેવામાં આવી રહેલ છે.

સુરત મહાનગરપાલિકાનાં જાહેર પરિવહન સમિતિનાં અધ્યક્ષશ્રીના સુચન અન્વયે રક્ષાબંધનનાં પવિત્ર તહેવારના દિવસે બહેનો અને તેમના ૧૫ વર્ષ સુધીના બાળકોને BRTS બસો તેમજ સીટીબસમાં ફ્રી મુસાફરી કરવા દેવા અંગે જણાવવામાં આવેલ હોય તા.૦૯/૦૮/૨૦૨૫ નાં રોજ રક્ષાબંધનનાં પવિત્ર તહેવાર નિમિત્તે સુરત સીટીલીંક લી. અંતર્ગત કાર્યરત BRTS બસો તેમજ સીટીબસોમાં તમામ બહેનો તેમજ તેમના ૧૫ વર્ષનાં બાળકોને ફ્રીમાં મુસાફરી કરવા બાબતની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આથી શહેરની તમામ બહેનોને જાહેર પરિવહન સેવાનો વધુને વધુ લાભ લેવા બાબતે અનુરોધ કરવામાં આવે છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**
**સમાચાર યાદી નં. ..........................**
**તા.૦૭/૦૮/૨૦૨૫**